
# ધાર્મિક સ્તોત્રનું પઠન લાભદાયી હોય છે

**ધર્મ દર્શન**
બાળકૃષ્ણ વડનેરે

દેવ-દેવી-દેવતાઓનાં ચરિત્રો, સ્તોત્રો, કથાઓ, ગ્રંથો અને પરાક્રમ ગાથાઓમાં છેલ્લે એક દોહો કે શ્લોક કે એક ફકરો જોવા-વાંચવા મળે છે જે એ લખાણની ફળશ્રુતિ રૂપે નોંધપાત્ર હોય છે. મહર્ષિ નારદમુનિએ પુરાણમાં ફળશ્રુતિ લખી છે. ગણેશજીનાં બાર નામોનું સ્તોત્ર પઠન કરવાથી વિદ્યાર્થીને વિદ્યા, પુત્રાર્થીને પુત્રપ્રાપ્તિ, ધનાર્થીને ધનસુખ અને મોક્ષાર્થીને મોક્ષ મળશે અને સ્વામી તુલસીદાસજીના શ્રી હનુમાનચાલીસામાં દોહો છે. ‘જો સતબાર પાઠ કર કોઈ, છૂટ હિ બંદી મહા સુખ હોઈ||

અને આ દોહાની ખરાઈ, અદ્દભુત સામર્થ્ય અને સુખદ પરિણાની કથા અમને સાંભળવા મળી છે અને એ પણ એક યોગી સંન્યાસીના મુખેથી જે વારાણસી કાશીક્ષેત્રના હતા. યોગી મહારાજે કહ્યું તમારો પ્રશ્ન યોગ્ય નથી કારણ ઋષિમુનિઓએ, સંતસાધુઓએ જે ધર્મસાહિત્ય લખ્યું છે તે પરમાત્માના આદેશથી નિર્માણ કર્યું છે. કોઈ જાતની પ્રસિદ્ધિ મેળવવા માટે નથી લખ્યું પણ સનાતનધર્મી માણસો પરિવારસહ સુખી રહે તે માટે લખ્યું છે. હવે સાંભળો ફળશ્રુતિની કથા. જેમાં તમારા પ્રશ્નનો ઉત્તર મળશે.

એક સંસારી પરિણીત બેનને લગ્ન થયા પછી વીસ વર્ષ વીતી ગયાં પણ સંતાન ન થયું. સમાજ એની અવગણના કરવા લાગ્યો તો કોઈ ધર્માત્માએ કહ્યું ‘‘બેનબા! તમે વ્યંકટેશ ભગવાનના સ્તોત્રનો પાઠ કરો, તમને પુત્રપ્રાપ્તિ થશે. બેને સ્તોત્રના નિયમોનુસાર પાઠ કર્યો અને સમયમર્યાદામાં તેમને માતૃત્વ પ્રાપ્ત થયું. પતિપત્ની આનંદી બન્યા પણ પતિ એક ખોટા કેસમાં ભેરવાઈ ગયા અને પતિને આજીવન કારાવાસની શિક્ષા થઈ. પતિ નિરાધાર હતો. દીકરો દસ વર્ષનો થયો. સમજદાર થયો. તે બાને પૂછે ‘‘બા! બાપુજી ક્યારે આવશે?’’ અને એક દિવસ દીકરાએ એ જ પ્રશ્ન પૂછ્યો, ‘‘બા! બાપુજી ક્યારે આવશે?’’ અને બારણે એક છ ફૂટ ઊંચો સાધુ ચોડી છાતી, ગળામાં રૂદ્રાક્ષની માળા અને ઊંચે અવાજે લલકાર્યો ‘જય શ્રીરામ’ અને બાએ કહ્યું, ‘‘લે આવી ગયા ઉત્તર આપનારા. એમને જ પૂછી લે’’ અને દીકરાએ મહારાજને કહ્યું, ‘‘જય શ્રીરામ! સ્વામી! પધારો. બેસો.’’ તેમને દીકરાએ આસન આપ્યું અને બેને પતિના કારાવાસની બધી વાતો સમજાવી અને પોતાની પુત્રપ્રાપ્તિની વાત પણ કરી. આ દીકરો 20 વર્ષ પછી આવ્યો.’’



સાધુ હસ્યો અને રોષે પણ થયો. ‘‘બેન બા! તમારી પાસે જડીબુટ્ટી છે પણ તમે ભૂલી ગયાં, પરમાત્માના આશિષ અને તમારા પરની કૃપાને પણ ભૂલી ગયાં! અને ત્યાં પડેલી શ્રી હનુમાન ચાલીસાની ચોપડી પર એમની નજર ગઈ અને એમણે દીકરાને કહ્યું બેટા! પેલી ‘શ્રી હનુમાન ચાલીસા’ ચોપડી લે અને તેમાંનો આડત્રીસમો અને ઓગણચાલીસમો દોહો વાંચી જા. છોકરો વાંચે છે. જો સતબાર પાઠ કર કોઈ| છૂટહિ બંદી મહાસુખ હોઈ ||38|| જો યહ પઢે હનુમાન ચાલીસા | હોય સિદ્ધિ સાખી ગૌરી||39|| અને પેલા દીકરાની બા બોલી પડ્યા, ‘‘મહારાજ! મને ક્ષમા કરો. હું ખરેખર ભૂલી ગઈ હતી. બેટા તારા આવવાની ખુશીમાં હું તો પરમાત્માની કૃપાને ભૂલી ગઈ હતી. મહારાજ! ઉંમરના

> **તમારી પાસે જડીબુટ્ટી છે પણ તમે ભૂલી ગયાં, પરમાત્માના આશિષ અને તમારા પરની કૃપાને પણ ભૂલી ગયાં!**

ચાલીસમાં વર્ષે સ્રી વ્યંકટેશ સ્તોત્રનો અડધી રાત્રે પાઠ કરવાથી ત્રણ માસના અંતે હું મા બનીશ એવી ખાતરી થઈ અને નવમા મહિને બેટા તું આવ્યો અને તે સ્ત્રી ગદ્દગદ થઈને બોલી, હે ત્રિકાળ જ્ઞાની મહારાજા! તમે દસ વર્ષનો મારો ભૂતકાળ મને યાદ કરાવ્યો. હવે મારા નિર્દોષ પતિ છૂટીને જરૂર આવશે. માતા અને દીકરો સાધુને પગે લાગ્યા, દાનદક્ષિણા આપીને શ્રી હનુમાન ચાલીસાનો સો વખત પાઠ કરવાનું મહારાજશ્રીને વચન આપ્યું અને રોજ સવારે સ્નાન કરીને દીકરો શ્રી હનુમાનચાલીસા વાંચે અને મા શ્રવણ કરે એમ દસ દિવસ સુધી પાઠ કર્યો અને પછી રોજ સવારસાંજે શ્રી હનુમાન ચાલીસા બોલવાની પ્રથા પ્રારંભ થઈ. લગભગ પંદરમા દિવસે બાના નામે એક સરકારી પત્ર આવ્યો, લખ્યું હતું, તમારા પતિના કેસનું પુનઃ અર્થઘટન થવાથી નિષ્કર્ષ આવ્યો છે કે તમારો પતિ મોહનલાલ ની. ખરેજી નિર્દોષ છે. એમને મુકત કરવામાં આવ્યા છે અને બાએ કહ્યું, ‘‘હે પુત્ર, તારા બાપુજી આવતી કાલે ઘરે આવે છે.’’ અને યોગી મહારાજે કહ્યું આ છે ફળશ્રુતિ. કર્મ કરો તો જ ફળ મળે.

---

# ગોપી ગીત

**પંચામૃત**
નીલાક્ષી પરીખ

‘ગોપીગીત’ પ્રેમનું અદભુત ગીત છે. વિરહની વ્યથાના શિખર પર બેઠેલી ગોપીઓ પોતાની પીડાને શબ્દદેહ આપી જે અભિવ્યક્તિ કરે છે તે જ છે ગોપીગીત. આ તો આંસુઓના પીગળવાની કથા છે. ગોપીઓને અભિમાન થયું તો ભગવાન અંતર્ધ્યાન થયા. ભૂલ સુધારી આપ કેવળ અમારા જ છો એ અહં ગયો. દીનતા આવી. કહ્યું- અમે તમારા છીએ. પ્રેમમાં અહંકાર સૌથી મોટો અપરાધ છે. પ્રેમ અને અહંકાર ક્યારેય એકસાથે રહી શકતા નથી. અહંકારની ઉધઈ પ્રેમની ઈમારતને ખોખલી કરી નાંખે છે. પ્રેમમાં મહત્ત્વ ‘હું’ નહીં ‘તું’ નું છે. એક બકરીનું બચ્ચું જિંદગીભર ‘મેં...મેં’ કરે. એક દિવસ કસાઈ એને લઈ જાય છે. તેને હલાલ કરી નાંખે, ચામડી અને આંતરડાં અલગ કરે, તેના ચામડામાંથી વસ્તુઓ બને. તેના આંતરડાંમાંથી રૂ પીંજનારા પીંજારાએ તાંક બનાવી. પહેલા પીંજારા આવતા અને ખભા પર એમનું પીંજણ લઈ આવતા. એક રસ્સીથી તેનું મશીન બાંધે અને રૂ પીંજે. બકરાના આંતરડાંમાંથી તે તાંક બને અને જેવો તે તાંક પર લાકડીનો માર પડે એટલે એમાંથી તૂંહી તૂંહી જેવો અવાજ આવે. ‘મૈં....મૈં’ નું ‘તૂંહી-તૂંહી’ થયું. તમે જો અમારા છો એવો દાવો કરીશું તો તમને સંભાળવાની જવાબદારી અમારી થશે. ‘મારી ઘડિયાળ’ ‘મારું પર્સ’ કહીશું તો તેને સાચવવું પડશે. 150 કરોડનો હીરો, બેસુમાર કિંમતી એને સાચવી નથી શક્તા તો બેંકના લોકરમાં મૂકીએ છીએ અને તો પણ વિશ્વાસ ન આવે તો એનો વીમો ઉતરાવી લઈએ છીએ. 150 કરોડના હીરાની આટલી ચિંતા તો શ્રીકૃષ્ણ તો આપણું અમૂલ્ય ધન છે. ગોપીઓ કહે છે કે ‘તમારાથી તો અમે ધનવાન છીએ’ અને એ અભિમાનને કારણે ગુમાવ્યું. હવે ગોપીઓને સમજાયું કે કૃષ્ણ અમને અમારી યોગ્યતાથી નથી મળ્યા. હે કૃષ્ણ! તમે તમારી ઉદારતાથી અમને મળ્યા છો. અમારામાં કોઈ એવી યોગ્યતા ન હતી. હવે અમે કહીએ છીએ- ‘તમે અમારા છો એમ નહીં પણ ‘દયિત દશ્યતામ્ દિક્ષુ તાવકા... વિચિન્વતે||’ તાવકાઃ- અમે તમારા છીએ. તમારી વસ્તુને સંભાળો.



અમારા પ્રાણ તમારામાં અટક્યા છે. હે પ્રભુ! તમને અમારાથી સુખ મળતું હોય, અમારી સેવાથી તો અમે તમારી છીએ. જો તમે અમને નહીં મળો, દર્શન નહીં દો તો અમારા પ્રાણ તમારામાં અટકેલાં છે તેથી અમે તો મરી જઈશું તો તમારું જ નુકસાન છે, માટે દર્શન દો. તમારા દર્શનમાત્રથી અમે તૃપ્ત થઈ જશું. અમે ફક્ત તમને ચાહીએ છીએ. અમારા શરીરથી સેવા કરતાં કરતાં અમે તત્સુખનો જ વિચાર કરીશું. હે શ્યામ સુંદર અમે તમારું જ ચિંતન કરી રહ્યા છીએ. મહાત્માઓ કહે છે કે પ્રેમમાં જુદી જુદી ભૂમિકાઓ હોય છે. પ્રેમની પહેલી અવસ્થા છે.- તદ્ વિચારાવસ્થા. પ્રિયતમના વિચારથી જ મન ભરેલું રહે છે. યાદ નથી કરવું પડતું, યાદ આવી જાય છે. જ્યાં સુધી કોઈને યાદ કરવા પડે ત્યાં સુધી સમજો કે તમને એના પ્રત્યે પ્રેમ નથી થયો. જ્યારે સતત યાદ આવે, ભૂલવાનો પ્રયત્ન કરવા છતાં પણ તમે તેને ભૂલી ન શકો તો સમજો કે તમને એના પ્રત્યે પ્રેમ થઈ ગયો છે. તો ભગવાનના વિચારોથી જ મન ભરેલું રહે છે. બીજા કોઈનો વિચાર કરવાની ગુંજાઈશ રહેતી નથી. રહિમજી કહે છે કે- જે રીતે આખી ધર્મશાળા યાત્રિકોથી ભરેલી હોય અને બહાર ‘નો વેકેન્સી’ નું બોર્ડ લગાવી દે તેવી રીતે પ્રિયતમના વિચારથી જ જેનું મન ભરેલું રહે છે. પછી બીજા કોઈના વિચાર આવવાની કોઈ શક્યતા રહેતી નથી. જેવી રીતે ધર્મશાળા હાઉસફુલ હોય તો બીજા મુસાફરો એ વિચારીને ચાલ્યા જાય છે કે અહીં જગ્યા જ નથી. તેવી રીતે જેમનું મન ભગવાનના વિચારોથી ભરેલું હોય તેઓને સંસારનો કોઈ વિચાર અવસ્થાની વાત. પ્રેમની બીજી અવસ્થા છે- તદાકાર અવસ્થા એવું કહેવાય છે કે- યમુના શ્યામનું ચિંતન કરતાં કરતાં શ્યામા બની ગઈ. એવું કહેવાય છે કે ભમરો કીડાને ઉપાડીને લઈ આવે છે. તેને ડંખ મારે અને ચાલ્યો જાય. ડંખની પીડા સહન કરતાં કરતાં કીડો ભમરાનું ચિંતન કરે છે. ભમરો આવશે અને ડંખ મારશે. વારંવાર ડંખ મારવાથી કીડો સતત ભમરાનું ચિંતન કરે છે અને પરિણામે કીડો ખુદ ભમરો બની જાય છે. એક વાર રાધાજી સખીઓ સાથે બેઠી હતી. અચાનક રડવા લાગી. સખીઓએ રડવાનું કારણ પૂછ્યું તો કહ્યું રાધાએ કે હું સતત કૃષ્ણ ચિંતન કરું છું. જો કૃષ્ણ બની ગઈ તો? કારણ કે એવું કહેવાય છે કે તમે જેનું ચિંતન

> **હે પ્રભુ! તમને અમારાથી સુખ મળતું હોય, જો તમે અમને નહીં મળો, દર્શન નહીં દો તો અમારા પ્રાણ તમારામાં અટકેલાં છે તેથી અમે તો મરી જઈશું તો તમારું જ નુકસાન છે, તમારા દર્શનમાત્રથી અમે તૃપ્ત થઈ જશું. અમે ફક્ત તમને ચાહીએ છીએ. હે શ્યામ સુંદર અમે તમારું જ ચિંતન કરી રહ્યા છીએ**

કરો છો તમે એના જેવા બની જાવ છો. સખીઓ કહે છે- રડ નહીં, ચિંતા ન કર, રાધિકે! કારણ કે જે રીતે તું કનૈયાનું ચિંતન કરે છે ને? કનૈયો પણ તારુ ચિંતન કરે છે. એ રાધા બની જશે અને તું કૃષ્ણ અને તમારી જોડી અખંડિત રહેશે.

આ દ્વૈતમાં અદ્વૈત ને અદ્વૈતમાં દ્વૈત છે. ત્રીજી અવસ્થા છે- તટૈકતા. આ અવસ્થામાં પ્રેમી તેના પ્રિયજનથી અભિન્ન બની જાય છે. તદાકાર અવસ્થામાં જે દેવની ઉપાસના તમે અનન્ય ભાવથી કરો છો તો ઉપાસ્યના ભાવ તમારામાં આવશે. ચૈતન્ય મહાપ્રભુજીની આંખો અરે! કૃષ્ણને ભજતાં ભજતાં એમનું સૌંદર્ય ચૈતન્ય મહાપ્રભુમાં આપોઆપ આવેલું દશ્યમાન થાય છે! કૃષ્ણમાં કર્ષણનો ગુણ છે ને!

(ગુરુવર્ય પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે)